## હા... સાહેબ !

'જોયું જોયું ને....! રોજ ભીડાવતા'તાં અમને... હવા નીકળી ગઈને તમારી...?'

'શાની હવાની વાત કરો છો, કઈ હવા નીકળી ગઈ અમારી...?'

'આ તમારા એક વખતના પ્રધાનમંત્રીપદના ઉમેદવાર અને પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી આરએસએસના કાર્યક્રમમાં ભાગ લેવા ગયા...તમારું તો નાક જ કપાઈ ગયું ને...'

'અરે, પ્રણવ મુખરજી દેશની સન્માનનીય વ્યકિત છે. એને પક્ષના વાઘા શા માટે પહેરાવો છો એમને તો બધા કાર્યક્રમોમાં જવું પડે અને બધાને ન્યાય આપવો પડે...'

'આ તો બધી તમારી સુફીયાણી વાતો છે. તમારી આબરુના ધજાગરા થયા એ સમજાય છે તમને.. કેમ થયા એ ખબર છે તમને...?'

'હા હવે તો તમે કારણોની યાદી બતાવશો. અમને નીચા દેખાડવા નીરર્થક પ્રયાસો કરશો પણ હકીકત ભીંતે લખાઈ છે.'

'કઈ ભીંતો વાંચવા ગયા... પૂર્વ રાષ્ટ્રપતિના કાર્યક્રમો ઉપર વિવાદો ઉભા કરી રાજકીય લાભ મેળવવાની વિકૃત માનસિકતા છતી થાય છે તમારી.'

'જવા દો હવે, અટકાવવાના તો બહુ પ્રયાસો કર્યા કે પ્રણવદા જાય નહી પણ એમ માને ખરાં...! ભૂતકાળમાં બહુ દાઝયા છે તમારાથી...એટલે મકકમતાથી નાગપુર પહોંચ્યા છે...'

'એમ..! તમને તો બહુ માહિતી છે તો તો તમને અડવાણીજી, જોશીજી સહિતના અનેક નેતાઓની માહિતી હશે ને...એ બધામાં શું હતું...?'

'હા એ તો તમારી આ ટેવ છે. સમસ્યા તમારા આંગણામાં આવે એટલે તેને સિફતપૂર્વક ધકેલી દેવી બીજાના આંગણામાં અને પછી કહેવું તમે કયાં દૂધે ધોયેલા છો.'

'સાહેબ, આ બધું તમે જ શીખવાડયુ. તમે પેટ્રોલના ભાવ વધારામાં ૨૦૧૪માં શું બોલતા હતા અને આજે શું બોલો છો. જીએસટી, આધારકાર્ડ, મનરેગા આ બધામાં તમારે કેવા યુ-ટર્ન લેવા પડયા છે. તેમ છતાંય અમે નિષ્ફળ.'

'નિષ્ફળ-સફળની વાત નથી. તમારે તો કેટલા થીંગડા મારવા પડે તેમ છે. બધુ જર્જરીત થયું છે અને લાજવાના બદલે ગાજો છો.'

'હશે એ તો સમય જ કહેશે. કોને કયારે લાજવું જોઈએ અને કયારે ગાજવું જોઈએ. અમે તો તમને ઈશારો કરીએ છીએ.'

'હા, તમારા ઈશારા બધા જ અમે સમજીએ છીએ. સત્તા વિના તરફડીયા મારો છો તમે અને ભૂલો શોધી શોધીને પ્રજાને બહેકાવો છો. પણ યાદ રાખજો દિલ્હી દૂર છે હજુ.'

'... પણ સાહેબ દિલ્હી દૂર છે કે નજીક એ તો દેશની જનતા નક્કી કરશે. પણ ૬૦ વર્ષમાં થયેલો વિકાસ અને થયેલી ભૂલો અને ૪ વર્ષમાં થયેલો વિકાસ અને થયેલી ભૂલોનું સરવૈયુ કાઢીને જુઓ પછી કહેજો...!'

'બધું જ જોયું છે. અમારું રીપોર્ટ કાર્ડ ભરચક છે અને એમાં પ્રજાની મહોર વાગશે અને તમારી તતુડી કોઈ સાંભળવાનું નથી.'

'આંખે ઉડીને વળગે એવો વિકાસ છે. મેં અને તમે તો અનુભવ્યો. પ્રજાએ પણ અનુભવ્યો છે.'

'હા...હા...હા... પ્રજાએ અનુભવ્યો જ છે. એ તો પેટા ચૂંટણીના પરિણામોમાં દેખાય જ છે. તમે ચાર વર્ષ પહેલા કયાં હતા

● અનુસંધાન પાન-૭ પર



# ચોમાસા માટે હજુ દસ દિવસ રાહ જોવી પડશે

ગાંધીનગર, તા.૭

અરબી સમુદ્રમાં અપર એર પ્રેશર સર્જાયું હતું જેને પગલે ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં આગામી તા. ૧૦મી જૂનના રોજ ભારેથી અતિ ભારે વરસાદ પડવાની આગાહી હવામાન વિભાગે કરી હતી પરંતુ આજે અપર એર સરકયુલેશન નબળુ પડતા ચોમાસુ પાછુ ઠેલાયું છે. ઉનાળાની આકરી ગરમીનો સામનો કરી રહેલા નાગરિકો વરસાદની વાટ જોઈ બેઠા હતા ત્યારે હજુ પણ નાગરિકોએ ૧૦ દિવસ ગરમી અને તાપ ભોગવવો પડશે એટલે કે વરસાદનું આગમન હજુ પણ ૧૦ દિવસ પછી થશે તેમ હવામાન ખાતાની આગાહી છે.

ઉનાળાની આકરી ગરમી અને તાપથી સમગ્ર ભારતમાં નાગરિકો શેકાઈ રહ્યા છે. તાપ પણ દિવસેને દિવસે આકરો બની રહ્યો છે ત્યારે હવે ઉનાળાની ઋતુ તેના અંતિમ તબક્કામાં વધુ ગરમ સાબિત થઈ

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૬૦૦ તાવના દર્દી મળ્યા

## ૭૦ ટકા જેટલી કામગીરી હાઉસ ટુ હાઉસ સર્વેની સંપન્ન ૪૪૦૦થી વધુ સ્થાનોએ મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વાહક જન્ય રોગચાળાને નિયંત્રિત કરવા માટે ચાલી રહેલા હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની ૭૦ જેટલી કામગીરી સંપન્ન થઈ જવા પામી છે.

આ સર્વેલન્સ દરમિયાન ૧૬૦૦થી વધુ તાવના દર્દીઓ શોધી અને તેમના લોહીના નમૂના પરિક્ષણ માટે મોકલી આપવામાં આવ્યા છે.

જિલ્લા મેલેરિયા તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આજે ચોથા દિવસે ૧,૯૬,૯૧૩ વ્યક્તિઓને સર્વેલ્નસમાં આવરી લઈ ૩૮,૧૪૧ ઘરોની તપાસ હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન ૩૭૬ તાવના દર્દી મળી આવતાં તેમના લોહીના નમૂના લઈ અને પરિત્રાણ માટે મોકલી આપવામાં આવ્યા છે.

આજે સર્વેલન્સ દરમિયાન ૯૩૬ સ્થાનો પરથી મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા હતા. આ તમામ સ્થાનો પર તંત્રની ટીમો દ્વારા તાત્કાલિક પોરાનાશક કામગીરી કરી અને તેનો નાશ કરવામાં આવ્યો હતો.

જિલ્લામાં ચાલી રહેલા હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની કામગીરીમાં ક્રોસ ચેકિંગ અને કર્મચારીઓનો ઉત્સાહ વધારવા માટે તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. ત્રિવેદી, રૂપાલના મેડીકલ ઓફીસરશ્રી, જિલ્લા મેલેરિયા અધિકારી સુશ્રી મમતા દત્તાણી અને તેમની ટીમ ઉપરાંત ટી.એચ.ઓ. માણસા યોગીનીબેન, ટી.એચ.ઓ. દહેગામ તેમજ ટી.એચ.ઓ. કલોલ પણ જોડાયા હતા.

જિલ્લામાં ૪થી જુનથી શરૂ

● અનુસંધાન પાન-૭ પર

## નવા સેકટરોમાં તાવની બિમારીથી નગરજનો ત્રસ્ત

### સે.૭, ૫, ૧૩, ૧૫, ૧૨, ૧૪, ૯ માં ૧૫૩ કેસ તાવના મળી આવ્યા તો જુના સેક્ટરોમાં પણ ૧૫૩ કેસ મળ્યા

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરના વિવિધ સેક્ટરોમાંથી જ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ દરમિયાન ૩૦૬ જેટલા તાવના કેસ મળી આવ્યા છે.

વાહક જન્ય રોગચાળાને નિયંત્રિત કરવા માટે શહેરમાં ચાલી રહેલા હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં અત્યાર સુધીમાં ૪૮ ટકા જેટલી કામગીરી સંપન્ન થઈ છે. શહેરમાં અત્યાર સુધીમાં ૨૫૧૫૨ મકાનોને સર્વેલન્સ હેઠળ આવરી લેવામાં આવ્યા છે. જેમાં ૪૩૦૪૫ પાત્રોની ચકાસણી કરવામાં આવી છે.

શહેરી મેલેરિયા તંત્રના સૂત્રોના જણાવ્યાનુસાર આ સર્વેલન્સ દરમિયાન ૨૮૦ જેટલા ઘરોમાંથી ડેન્ગ્યુ ફેલાવતા એડીસ મચ્છરના બ્રિડીંગ મળી આવ્યા છે. અને ૩૦૬ જેટલા તાવના કેસ શોધી કાઢવામાં આવ્યા છે. તાવના શોધાયેલા દર્દીઓના લોહીના નમૂના લઈ પરિક્ષણ માટે મોકલી આપવામાં આવ્યા છે.

આ સૂત્રોના જણાવ્યા અનુસાર નવા સેક્ટરોમાંથી તાવના કેસ

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગરના પાટીદાર અગ્રણી કુંવરજીભાઈ પટેલનું નિધન

### આજે સવારે સ્વ. કુંવરજીભાઈ પટેલના પાર્થિવ દેહનું ગાંધીનગર મેડીકલ કોલેજને દેહદાન કરાશે

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર જિલ્લાના લેઉઆ પાટીદાર અગ્રણી ૮૩ વર્ષીય કુંવરજીભાઈ પટેલનું ટૂંકી માદગી બાદ આજે સાંજે ૪.૧૫ કલાકે દુઃખદ નિધન થવા પામ્યું છે. સદગતના પાર્થિવ શરીરનું દેહદાન આવતીકાલે સવારે ૯ કલાકે ગાંધીનગર મેડીકલ કોલેજને કરવામાં આવશે.

સ્વ. કુંવરજીભાઈ પટેલ ગાંધીનગર સૌરાષ્ટ્ર લેઉઆ પાટીદાર સમાજના પ્રમુખ હતા અને હાલ અડાલજ ખાતે નિર્માણાધીન અન્નપૂર્ણાધામના સંચાલક મંડળના પણ પ્રમુખ હતા. ગાંધીનગર જિલ્લામાં તેમણે સતત ચાર દાયકા સુધી પાટીદાર સમાજના મોભી તરીકે અગ્રેસર રહી સમાજનું માર્ગદર્શન કર્યું હતું. ગાંધીનગરના સેકટર-૭માં તેમની આગેવાની હેઠળ જ સૌરાષ્ટ્ર લેઉવા પાટીદાર વાડીનું નિર્માણ કરવામાં આવ્યું છે. સ્વ. કુંવરજીભાઈ પટેલના અવસાનથી સમગ્ર જિલ્લાના પાટીદાર સમાજમાં ઘેરા શોકની લાગણી પ્રસરવા પામી છે. શહેરના જાણીતા ઉદ્યોગપતિ એન. પી. પટેલે ઘેરા શોકની



લાગણી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, શહેરના જાહેર જીવનને ન પુરાય એવી ખોટ કુવરજીભાઈના જવાથી પડી છે. ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહાએ સદગતના નિધન પર શોક વ્યકત કર્યો છે. સ્વ. કુંવરજીભાઈ પટેલની પ્રાર્થનાસભા તા. ૧૦મી જૂન રવિવારે સવારે ૮.૩૦ થી ૧૧ કલાક દરમિયાન સે-૭માં સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સમાજવાડી ખાતે યોજાશે.

# જિલ્લાના ૧૨ ગામોમાં ૧ કરોડ ૮૩ લાખની પાણી યોજનાના વિવિધ કામો મંજુર

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે મળેલી હેઠકમાં ૧ કરોડ ૮૩ લાખના ૧૨ જેટલા કામોને બહાલી આપવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે કલોલ તાલુકાના ૬, ગાંધીનગર તાલુકાના ૪ અને માણસા - દહેગામના ૧-૧ કામને આ બેઠકમાં મંજુરી આપવામાં આવી છે.

આ બેઠકમાં અગાઉ બે વર્ષ દરમિયાન થયેલી કામગીરી અંગે પણ સમીક્ષા કરવામાં આવી હતી જે સંતોષજનક અને હાલ સારી સ્થિતિમાં યોજનવાઓનું સફળતાપૂર્વક સંચાલન થઈ રહ્યાનું જણાતાં સંતોષની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં હાલ ૩૦૦ જેટલી ગ્રામ પાણી સમિતિઓ કાર્યરત છે. ૨૦૧૮માં અત્યાર સુધીમાં રૂ. ૪૪૨૮.૬૧ લાખની વિવિધ યોજનાઓને મંજુરી અપાઈ હતી. જે પૈકી ૨૮૯ યોજનાઓ પૂર્ણ થઈ ગઈ છે. જ્યારે ૬ યોજનાઓનું કામ પ્રગતિ હેઠળ છે.

જે ૬ કામો હાલ પ્રગતિ હેઠળ તે પણ આગામી એક - બે માસમાં પૂર્ણ થઈ જશે. તેવી તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

આ બેઠકમાં વાસ્મો દ્વારા સુજલામ્ સુફલામ્ જળસંચય યોજના અંતર્ગત જળબચતના અભિગમ સાથે કરવામાં આવેલી કામગીરીને પણ બિરદાવવામાં આવી હતી.

# શહેરમાં વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા માટે લાઈનોની સાફ-સફાઈ કરો

ગાંધીનગર, તા.૭

જળસંચય અભિયાન સંપન્ન થયા બાદ કોંગ્રેસના કાઉન્સીલર પિન્કી પટેલે કાર્યપાલક ઈજવેરને એક પત્ર પાઠવી વરસાદી પાણીના નિકાલ માટેની સ્ટ્રોમ વૉટર લાઈન તેમજ સુએઝ લાઈનોની સફાઈ તાકિદે કરવામાં આવે તેવી માંગ કરી છે. કાર્યપાલક ઈજનેરને લખેલા પત્રમાં પિન્કીબેન પટેલે જણાવ્યું છે કે, શહેરના વિવિધ વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ રહેવાની વાતો હવે સામાન્ય બની રહી છે.

તેમણે તેમના પત્રમાં જણાવ્યું છે કે, ફુટપાથો પર બનાવવામાં આવેલ ખાઉપ્લેટ, રોડ ઉપરના સ્ટ્રોમ વૉચર મેન હોલ ઘણા બધા સ્થાનો પર ઉંડા થઈ ગયા છે. જે વરસાદ આવાતં ભરાઈ જતાં હોય છે. અને પાણીનો યોગ્ય નિકાલ ન થતાં શહેરમાં ગંદકીનું પ્રમાણ વધી જાય છે. તેમણે પ્રિ-મોન્સુન એકટીવીટીના ભાગરૂપે આ કાર્યવાહી તાકિદે કરવામાં આવે તેવી માંગ કરી છે. ખાસ કરીને શહેરમાં જો ૪ થી ૪ ઈંચ જેવો વરસાદ એક સાથે વરસી જાય ત્યારે પાણીના નિકાલની વ્યવસ્થા જળવાતી નથી એટલું જ નહિ પણ ઠેર ઠેર પાણી ભરાઈ જવાથી વાહન ચાલકોને મુશ્કેલીમાં મુકાવું પડે છે. આ ઉપરાંત અકસ્માતનો ભય પણ વધી જાય છે.




મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ ૯મી ચિંતન શિબિરનો પ્રારંભ કરાવતા રાજયના નીતિ નિર્ધારક અને અમલીકરણ અધિકારીઓ મંત્રીશ્રીઓને ટીમ ગુજરાત તરીકે કલેકટિવ રિસ્પોન્સિબિલિટી, કલેકિટવ ડિસિશન અને કલેકિટવ વર્ક કલ્ચરથી કાર્યરત થવા આહવાન કર્યું છે. તેમણે કહયું કે આ ત્રિદિવસીય શિબિર ગુજરાતની વહીવટી કાર્યસંસ્કૃતિ અને પ્રજા કલ્યાણ વિકાસ કામોને નવી દિશા આપશે. મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે પ્રજાના હિત માટેના નિર્ણયો ઈમાનદારી અને પ્રમાણિકતાથી કરી જી.આર.ને વળગી રહેવાને બદલે તેનો હાર્દ પકડી સંવેદનશીલતા અને પારદર્શિતાથી જનકલ્યાણને પ્રાધાન્ય આપી કાર્ય સંતોષ સાથે આત્મસંતોષ મેળવવાનો સેવા ધ્યેય હોવો જોઈએ. શ્રી વિજયભાઇ રૂપાણીએ લોકોની અપેક્ષાઓ પરિપૂર્ણ કરવાની સાથે લોકોને મદદરૂપ થવાની સંવેદના જ સરકાર પ્રત્યે લોકોની ઈમેજ પ્રજાપ્રિયતા અને ગુડ ગર્વનન્સની સાચી દિશા છે તેવો સ્પષ્ટ મત વ્યકત કર્યો હતો. તેમણે આ ચિંતન શિબિર એ દિશામાં સામૂહિક મનન-મંથનનું ઓપન પ્લેટફોર્મ બનશે તેવો વિશ્વાસ દર્શાવ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે વિકાસની નવી છલાંગ મારવા અને વિકાસના તમામ પેરામીટર્સમાં ગુજરાતને અવ્વલ રાખવાનું વૈચારિક ભાથું આ શિબિર પૂરૂ પાડશે.

# ગ્રામ પંચાયતોની ખાલી જગ્યાઓ અંગે સરકાર ભરતી કેલેન્ડર બનાવશે

ગાંધીનગર, તા.૭

રાજયની ૧૩ હજારથી વધુ ગ્રામ પંચાયતોના મંજૂર થયેલ મહેકમ, ખાલી જગ્યાઓ તેમજ મર્જ કરવા પાત્ર જગ્યા અંગેનો વિગતવાર અહેવાલ સરકારે જિલ્લાઓ પાસ માંગ્યો છે.

ગ્રામીણ વિસ્તારમાં લોકોના રોષને ઠંડો કરવાના ઈરાદે ખાલી જગ્યાઓ તેમજ રદ થયેલી જગ્યાઓ અને મર્જ કરવા પાત્ર જગ્યાઓ અંગેનો વિગતે અહેવાલ માંગી હવે સરકાર આ ખાલી જગ્યાઓ પરની નિમણુંક અંગેની કવાયત હાથ ધરશે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે રાજયના વિકાસ કમિશનરશ્રીની કચેરી દ્વારા આ કવાયત હાથ ધરવામાં આવી છે જેથી ગ્રામ્ય વિસ્તારની પંચાયતોમાં કેટલી જગ્યાઓ ખાલી છે તેનો અંદાજ મળી શકે.

પંચાયત વિભાગના સૂત્રોએ જણાવ્યું છે કે જેમ જિલ્લા અને તાલુકા પંચાયતોમાં ખાલી જગ્યાઓની ભરતી માટે દસ વર્ષનું કેલેન્ડર તૈયાર કરી દેવામાં આવ્યું છે તેવું જ ભરતી અંગેનું કેલેન્ડર ગ્રામ પંચાયતો માટે પણ તૈયાર કરવામાં આવશે.

ગ્રામ પંચાયતોમાં ઘણી બધી જગ્યાઓ રદ થઈ ગઈ છે અને ઘણી બધી જગ્યાઓ ખાલી છે આ સંવર્ગમાં કેટલી જગ્યાઓ મર્જ કરવાપાત્ર છે તેને મર્જ કરી અને તાત્કાલિક ગ્રામીણ વિસ્તારમાં કામગીરીને વેગ આપવાનો આ મહત્વનો નિર્ણય છે.

આ સૂત્રોએ જણાવ્યું છે કે સરકારે આ માટે જિલ્લાઓને તાત્કાલિક વિગતો ઉપલબ્ધ થયેથી એકાદ માસમાં આ અંગે મહત્વના નિર્ણયો સરકાર દ્વારા લેવામાં આવશે.

## બેસણું



મારા ધર્મપત્ની **અ.સૌ. જયાબેન કૌલગી** તા. ૭/૬/૨૦૧૮ને ગુરૂવારના રોજ દુઃખદ અવસાન પામેલ છે. **સદ્દગતનું બેસણું રવિવાર તા. ૧૦/૬/૨૦૧૮ના રોજ સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ :**
ઉમિયા માતાજી મંદિર,
ઉમા સમાજ ભવન,
ઉમિયા માતાજી મંદિર પાછળ,
કલેક્ટર કચેરીની સામે
સેક્ટર-૧૨, ગાંધીનગર

**લી.**
વી. આર. એસ. કૌલગી
ગીતા, સુજાતા, વિજય
અને રૂચિકા
તથા કૌલગી પરિવાર


ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com